For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# અમદાવાદના બિલ્ડર ગ્રુપ પર ITના દરોડા

**અમદાવાદના** કામેશ્વર અને દીપ બિલ્ડર્સના ઓનલાઇન વ્યવહારો મળી આવ્યા

અમદાવાદ : અમદાવાદના બે અગ્રણી બિલ્ડર ગ્રુપ સામે આયકર દરોડાન કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં અમદાવાદ તથા સુરતના આયકર અધિકારીઓએ આજે દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરી લીધા છે. મળતી માહિતી મુજબ અમદાવાદના અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઇન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આયકર અધિકારીઓએ સાંજ સુધીમાં મોટા પાયે વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરી લીધા છે. આયકરના ગુપ્તચર વિભાગ દ્વારા કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિત, દીપ ગ્રુપના દિનેશ પટેલ અને અન્ય ભાગીદારોના સ્થળોએ પણ દરોડા કરવામાં આવ્યા છે. અંદાજે 100

...અનુસંધાન પાના 5 પર


## અમદાવાદ દરોડામાં સુરત-વાપી આવકવેરા વિભાગના અધિકારીઓ પણ જોડાયા

**સુરતનો** કાફલો વડોદરા પહોંચે તે પહેલાં પરત ફરવાનો મેસેજ મળ્યો હતો

**આખરે** સુરત-વાપીનાં ૬૦થી વધુ અધિકારી દરોડાની કાર્યવાહીમાં જોતરાયાં

સુરત: અમદાવાદનાં કામેશ્વર ગ્રુપ અને દીપ બિલ્ડર્સના 33થી વધુ સ્થળ પર આવકવેરા વિભાગે સાગમટે પાડેલા દરોડામાં સુરત-વાપી આવકવેરા વિભાગના ૬૦થી વધુ અધિકારી-કર્મચારીઓ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે. સુરત આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સવારે જ હેડ ઓફિસથી દરોડામાં જવા માટે તૈયાર રહેવાની જાણ કરાઈ હતી. જેને પગલે આ દરોડામાં કોણ-કોણ જવાનું નક્કી કરાયા બાદ સૂચના મળ્યેથી સુરત આવકવેરા વિભાગનો કાફલો રવાના થયો હતો. આ કાફલો હજુ વડોદરા પહોંચે તે પહેલાં પરત ફરવાનો મેસેજ મળ્યો હતો. પરંતુ ગણતરી સમયમાં જ સ્થળ લોકેશન પર પહોંચવાનો

...અનુસંધાન પાના 5 પર

# દમણમાં 12 કલાકના હાઈવોલ્ટેજ ડ્રામા બાદ દીપડો પાંજરે પુરાયો

**વલસાડ**, નવસારી, ડાંગ, સેલવાસની વન વિભાગની ટીમોએ પ્રયાસ આદર્યા, દહાણું વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુની ટીમના સથવારે દીપડાને પકડી પડાયો

દમણ: સંઘપ્રદેશ દમણના નાઈટ માર્કેટ વિસ્તારને 12 કલાક સુધી બાનમાં લેનારા દીપડાને આખરે સુરક્ષિત રીતે દહાણુ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ તથા અન્ય સાથી ટીમ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. સંઘપ્રદેશ દમણમાં 19 જાન્યુઆરીના દિવસે નાની દમણના વોર્ડ નંબર 9ની સાંગ્યા શેરીમાં મોડી રાત્રે દીપડો શેરીમાં લટાર મારતો જોવા મળ્યો હતો. ત્યારબાદ તે જ્યૂપિટર ડિસ્ટિલરી રોડ તથા ધોબી તળાવ વિસ્તારમાં પણ અલગ અલગ સમયે જોવા મળતા દમણના શહેરી વિસ્તારના લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ત્યારે આજે સવારે નાની દમણના સી-ફેસ નાઈટ માર્કેટ વિસ્તારમાં હવેલી સ્વીટ્સ નામની દુકાનના માળ પર સવારે 11 કલાકે એક કદાવર દીપડો બિલ્ડીંગની ટેરેસ પર કપડા સૂકવવા જતી એક મહિલાને માળ પર દરવાજા પાસે બેઠેલો જોવા મળતા તે તુરંત ગભરાઈને નીચે આવી ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી દીપડો બેઠેલો હોવાની જાણ તેના પતિને કરી હતી. જેની જાણ દમણ પોલીસને કરાતા પોલીસ અને ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી દમણ વન વિભાગને જાણ કરતા સેલવાસ, વલસાડ, નવસારી, ડાંગ વન વિભાગની ટીમોએ દમણ આવી દીપડાને પકડવાનું ઓપરેશન શરૂ કર્યું હતું. દીપડાને પકડવાના ઓપરેશનમાં ડીમાં વન વિભાગના એક કર્મીને સામાન્ય ઇજા પહોંચી હતી. 7

...અનુસંધાન પાના 5 પર

## કપડાં સૂકવવા પત્ની ટેરેસ પર ગઈ ત્યારે જોવા મળ્યો દીપડો



નાઈટ માર્કેટમાં હવેલી સ્વીટ્સની ઉપરના માળ પર રહેતા રાજ કુમાર પાસવાન નામના રહીશે જણાવ્યું કે, પત્ની મોડી રાત્રે જ્યારે ઉઠી ત્યારે કૂતરાઓના ભસવાનો અવાજ સતત આવી રહ્યો હતો. સવારે કપડાંને ટેરેસ પર સૂકવવા પત્ની દાદરથી ઉપર ગઈ ત્યારે ટેરેસના દરવાજા પાસે એક મોટો દીપડો જોવા મળ્યો હતો. પત્નીએ નીચે આવી ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો.

## બેભાન કરવાનું ઈન્જેક્શન ગનશોટમાં મિસફાયર થયું તો દીપડો કૂદ્યો ને પેસેજના ડકમાં ફસાયો



વન વિભાગની ટીમોએ દમણ આવી બિલ્ડીંગને નાયલોન નેટથી કોર્ડન કરી દાદરના નીકળવાના માર્ગે પાંજરૂ ગોઠવ્યું હતું. ઘરની ટેરેસ પરથી જે જગ્યાએ દીપડો હતો તે મકાનની છત પરથી દીપડાને બેભાન કરવા માટે ઈન્જેક્શન ગનશોટથી શૂટ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મિસફાયર થતાં દીપડો બિલ્ડીંગના પેસેજના ડકમાં કૂદકો મારતા નીચે ફસાયો હતો.

# સુરત એરપોર્ટ પર સુપર ફાઈન ક્વોલિટીની ILS ઈન્સ્ટોલ કરાશે

**2010**માં 12 વર્ષની મર્યાદા માટે લાગેલી ILS 22 સિસ્ટમ કાઢી નાખી, નવી સિસ્ટમ 21 એપ્રિલ 2026 સુધી નાંખી દેવાશે

**અપગ્રેડેશનને** લીધે એરપોર્ટ પર ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ ILS 22, 22 જાન્યુઆરીથી ત્રણ મહિના માટે બંધ રહેશે

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS 22) 22 જાન્યુઆરીથી ત્રણ મહિના માટે બંધ રહેશે. બધા યાંત્રિક ઉપકરણો બદલવામાં આવશે. નેવિગેશન સુવિધાના આધુનિકરણ પ્રોજેક્ટ હેઠળ એક્યુરસી અને ફ્રિકવન્સી સાથેનું નવું આધુનિક સુપર ફાઈન ક્વોલિટીની ILS સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

હાલ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ છે, તેના સાધનો ILS વર્ષ 2010 માં ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા. નેવિગેશનની કોઈપણ સિસ્ટમ કે સાધનો 12 વર્ષમાં અથવા નવી ટેકનોલોજી આવે ત્યારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બદલવાનો હોય છે.

...અનુસંધાન પાના 5 પર

## ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) આ રીતે કામ કરે છે

- ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ એક વિમાનને જમીન અને આકાશમાં સ્ટેબલ રાખવામાં મદદરૂપ બને છે. બીજું લિફ્ટ રાઇટ, સેન્ટ્રલ રાખે છે. એરપોર્ટ પર વિમાનને ખરાબ હવામાન અથવા ઓછી દૃશ્યતા (Low Visibility) માં સુરક્ષિત રીતે રનવે પર ઉતારવા (Landing) માટે ઉપયોગી છે.
- ચોકસાઈપૂર્વક ઉતરાણ, જ્યારે ધુમ્મસ, વરસાદ કે રાતના અંધારાને કારણે પાયલોટ રનવેને સ્પષ્ટ જોઈ શકતા નથી, ત્યારે ILS રેડિયો તરંગો દ્વારા વિમાનને રનવેની બરાબર મધ્યમાં રાખવામાં મદદ કરે છે.
- **ગાઈડન્સ (Guidance):** તે પાયલોટને બે પ્રકારના માર્ગદર્શન આપે છે, લોકલાઇઝર (Localizer): વિમાન રનવેની ડાબી કે જમણી બાજુએ ભટકી ન જાય અને સીધું રનવેની લાઈનમાં રહે તે માટે
- **ગ્લાઈડ સ્લોપ (Glide Slope):** વિમાન કયા ખૂણે અને કેટલી ઊંચાઈએથી નીચે ઉતરવું જોઈએ (Vertical guidance) તે નક્કી કરવા માટે કામ આવે છે. ટૂંકમાં, ILS એ પાયલોટને અંધારા કે ધુમ્મસમાં પણ સુરક્ષિત લેન્ડિંગ કરવામાં મદદ કરતી એક અત્યંત મહત્ત્વની રેડિયો નેવિગેશન સિસ્ટમ છે.

# આવતીકાલે રાંદેર ઝોનમાં પાણી કાપ

**1.5 લાખ** વસતીને અસર થશે

સુરતઃ 22 જાન્યુઆરીએ રાંદેર ઝોનના મોટાભાગના વિસ્તારોમાં પાણી કાપ રહેશે. રાંદેર વોટર વર્ક્સ અને ઈન્ટેકવેલ ખાતે DGVCL દ્વારા R.M.U. લગાવવાની અગત્યની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી 22 જાન્યુઆરી ગુરુવારે સવારે 9થી સાંજે 5:30 વાગ્યા સુધી ચાલશે. આ સમારકામને કારણે રાંદેર ઝોનના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. આ ઝોનની અંદાજે દોઢ લાખની વસતીને સીધી અસર થશે.

## કયા કયા વિસ્તારમાં પાણીકાપ રહેશે

રાંદેર ઝોનના જહાંગીરપુરા-જહાંગીરાબાદ યોજના હેઠળના રામા રેસિડેન્સી, રાજ હાર્મની, પ્રભુ દર્શન સોસાયટી, વીર સાવરકર હાઇટ્સ, ભક્તિ ધર્મ સોસાયટી, સ્ટલિંગ હાઇટ્સ, ઉગત કેનાલ રોડ ચાર રસ્તાથી ઓખા જંકશન સુધીનો વિસ્તાર, સુમન ચંદન, બી આર પાર્ક, સામથ્ય બંગ્લોઝ, જાનકી રેસિડેન્સી, ઓખા જંકશનથી હજીરા સાયણ રોડ સુધીનો વિસ્તાર, સાંઇ પૂજન રેસિડેન્સી, પટેલ નગર, પરાગજી નગર અને ઇસ્કોન સર્કલથી સરોલી બ્રિજ સુધીના વિસ્તારો. આ ઉપરાંત, પાલ-પાલનપુર યોજના હેઠળ રોયલ પ્લેટિનમ કોમ્પ્લેકસથી રાજહંસ પ્લેટિનમ, ઓકિડ ઇન્ફનિટી થી નક્ષત્ર એમ્બેસી, પાલનપુર ગામ, હામોનિ રેસીડેન્સીથી શ્રીપદ એન્ટલિયા, પાલ ગામ, મોનાર્ક થી ગૌરવપથ રોડ, પાલ હવેલી થી રાજહંસ કેમ્પસ અને કબૂતર સર્કલ સુધીના વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. તેમજ જોગાણીનગર જળ વિતરણ મથક હેઠળ આવતી મેરૂલક્ષ્મી સોસાયટી, રંગઅવધુત સોસાયટી વિભાગ-3, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુમન સંધ્યા આવાસ, હયાત રેસિડેન્સી, કોઝ-વે

...અનુસંધાન પાના 5 પર

# કર્ણાવતી એક્સપ્રેસ હવે મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી દોડશે

**મુંબઈ** સેન્ટ્રલ સ્ટેશન પ્લેટફોર્મ વિસ્તરણના કારણે ટ્રેનને અન્ય સ્ટેશન પર શિફ્ટ કરાઈ

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં નિર્ણયોમાં કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનસમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર ચાલી રહેલા પ્લેટફોર્મ વિસ્તરણના કામને કારણે હવે આ ટ્રેન બાંદ્રા ટર્મિનસથી ઓપરેટ કરવામાં આવશે. મુંબઈ સેન્ટ્રલ ખાતે હાલમાં પ્લેટફોર્મની લંબાઈ વધારવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ બાંધકામને કારણે લાંબા અંતરની ટ્રેનોના સંચાલનમાં ટેકનિકલ અને ઓપરેશનલ અવરોધો

...અનુસંધાન પાના 5 પર

## મુસાફરો અને વેપારીઓ પર અસર

**ટર્મિનસ ફેરફાર:** અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી લોકપ્રિય 'કર્ણાવતી એક્સપ્રેસ' હવે મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસ પર પોતાની મુસાફરી પૂર્ણ કરશે અને ત્યાંથી જ ઉપડશે.

**અગાઉની ટ્રેનો:** આ પહેલા પણ પશ્ચિમ એક્સપ્રેસ અને ગોલ્ડન ટેમ્પલ જેવી મહત્ત્વની ટ્રેનોને બાંદ્રા ટર્મિનસ ખસેડાઈ ચૂકી છે.

**વ્યવસાય પર અસર:** વારંવાર ટ્રેનોના રૂટ અને ટર્મિનસ બદલાવાને કારણે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર મુસાફરોની ચહલ-પહલ ઘટી છે, જેની સીધી અસર સ્ટેશનના સ્થાનિક વેપારીઓ અને સ્ટોલ ધારકો પર જોવા મળી રહી છે

# તડકેશ્વરમાં ટાંકી તૂટતાં 3 ઇજનેરને સસ્પેન્ડ કરી દેવાયા

9 લાખ લિટર ક્ષમતાની નવી પાણીની ટાંકી ટેસ્ટિંગ દરમિયાન ધરાશાયી થઈ હતી, એજન્સીનાં ચૂકવણાં અટકાવ્યાં

માંડવી, ગાંધીનગર : તડકેશ્વર ખાતે 9 લાખ લિટર ક્ષમતાની નવી પાણીની ટાંકી ગત 19 જાન્યુઆરીના રોજ ટેસ્ટિંગ દરમિયાન ધરાશાયી થઈ હતી. આ ઘટના બાદ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના બે એક્ઝિ. ઈજનેર રજનીકાંત ચૌધરી તથા અંકિત ગરાસીયા અને ના.કા. ઈજનેર જય ચૌધરીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે.

આ ટાંકી માંડવી અને કામરેજ તાલુકાનાં 34 ગામોમાં ગાયપગલા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ બનાવવામાં આવી હતી. રૂ.21,04,78,200ની કામગીરી જયંતી સુપર કન્સ્ટ્રક્શન પ્રા. લિ.,મહેસાણા (72%) અને મેસર્સ બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (28%)ને સોંપવામાં આવી હતી. આ યોજનાની કામગીરી માટે માર્સ પ્લાનિંગ એન્ડ ઈજનેરિંગ પ્રા. લિ., અમદાવાદને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (PMC) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઘટના બાદ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને ઈજારદારને નોટિસ આપવામાં આવી છે. ઉપરાંત એજન્સીનાં તમામ ચૂકવણાં અટકાવવામાં આવ્યાં છે. ઘટના સ્થળ પરથી ગેરી, તકેદારી શાખા તથા અન્ય સરકારી સંસ્થાઓની હાજરીમાં નમૂનાઓ એકત્ર કરવાની કાર્યવાહી ચાલુ છે. આ સાથે ઘટનાની ખાતાકીય તપાસ તેમજ જવાબદાર વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી પણ હાલમાં ચાલી રહી છે.

ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ આ બાબતે જણાવ્યું હતું કે, તેમના મત વિસ્તારમાં તડકેશ્વર ગામે અઢી વર્ષ પહેલાં મંજૂર કરાયેલી પાણીની ટાંકીનું કામ તાજેતરમાં પૂર્ણ થયું હતું. કામ પૂર્ણ થયા બાદ ટાંકીનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું ત્યારે પાણીની ટાંકી ધરાશાયી થઈ હતી. આ ગંભીર ઘટનાને પગલે ઉચ્ચ સ્તરે ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદના આધારે જવાબદાર અધિકારીઓ રજનીકાંત ચૌધરી અને જય ચૌધરીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાથે

...અનુસંધાન પાના 5 પર

## રાજ્યની તમામ પાણીની ટાંકીની તપાસની માંગ

સુરત : સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં પાણીની યોજનાની વિશાળ ટાંકી અચાનક ધરાશાયી થતાં ગંભીર અકસ્માત સર્જાયો છે. 21 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલી અને 11 લાખ લિટર ક્ષમતા ધરાવતી આ ટાંકી ટેસ્ટિંગ દરમિયાન તૂટી પડતા ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેમાં ત્રણ મજૂર ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. આ સમગ્ર ઘટનાને લઈને ભ્રષ્ટાચાર અને નબળી બાંધકામ ગુણવત્તાના ગંભીર આરોપો ઊભા થયા છે. તડકેશ્વર ગામમાં પાણીની યોજના અંતર્ગત મુંબઈ સ્થિત આર. એન. બી. ઇન્ફ્રા એજન્સીને ટાંકીના નિર્માણનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ટેસ્ટિંગ પ્રક્રિયા દરમિયાન જ્યારે ટાંકીમાં અંદાજે 9 લાખ લિટર પાણી ભરવામાં આવ્યું ત્યારે તે અચાનક ધરાશાયી થઈ ગઈ. આ ઘટનાથી ગામના લોકોના જીવ જોખમમાં મુકાયા છે અને

...અનુસંધાન પાના 5 પર

**સીએસઈઈટી પરિણામ જાહેર**

# વિદ્યાર્થીઓએ ઘરેથી જ પરીક્ષા આપી હતી

**સુરતની** ઇગ્નાઇટ એકેડેમીનું 100 ટકા પરિણામ, ત્રણ વિદ્યાર્થીઓ સફળ

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI) દ્વારા 10 અને 12 જાન્યુઆરી, 2026 ના રોજ યોજાયેલી સીએસઈઈટી-CS એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટના પરિણામો આજે તા.20 જાન્યુઆરી, 2026ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં સુરત સ્થિત ઇગ્નાઇટ એકેડેમીએ 100 ટકા પરિણામ નોંધાવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

કંપની સેક્રેટરી કોર્સ ICSI દ્વારા સંચાલિત એક પ્રતિષ્ઠિત વ્યાવસાયિક ડિગ્રી કાર્યક્રમ છે, જે કોઈપણ પ્રવાહ (વાણિજ્ય, વિજ્ઞાન અથવા કલા) માંથી ૧૨મું ધોરણ પૂર્ણ કર્યા બાદ કરી શકાય છે. આ કોર્સ ત્રણ તબક્કામાં પૂર્ણ થાય છે. સીએસઈઈટી (પ્રવેશ પરીક્ષા), CS એક્ઝિક્યુટિવ અને

...અનુસંધાન પાના 5 પર

## જૂન-2026ના સત્રથી સીએસઈઈટી પરીક્ષાનું નવું માળખું અમલમાં

ICSI દ્વારા જૂન 2026ના સત્રથી સીએસઈઈટી પરીક્ષાનું નવું માળખું અમલમાં મૂકવામાં આવ્યું છે. હવે આ પરીક્ષા કેન્દ્ર આધારિત અને વ્યક્તિલક્ષી સ્વરૂપે વર્ષમાં ત્રણ વખત ફેબ્રુઆરી, જૂન અને ઓક્ટોબરમાં લેવામાં આવશે. જૂન 2026થી MCQ આધારિત ઓનલાઈન પરીક્ષાઓ બંધ કરવામાં આવી છે. 16 ડિસેમ્બર, 2025 પછી નોંધણી કરાવનાર તમામ વિદ્યાર્થીઓને આપમેળે નવા માળખા મુજબ નોંધણી કરવામાં આવશે.




આઠમી માસીક શ્રધ્ધાંજલિ

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું, સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહી, એવા આપના દિવ્ય આત્માને પ્રભુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના

સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૧/૦૫/૨૦૨૫

લિ. સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ(મગદલ્લા)
ભાનુબેન અમરતભાઈ પટેલ(મગદલ્લા)
સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ
સુધાબેન હરીશભાઈ પટેલ(પીપલોદ)
તારાબેન હરીશભાઈ પટેલ(ભરથાણા)
દેવીલાબેન ગીરીશભાઈ પટેલ(ખજોદ)

સ્થળ : પ્લોટ નં, A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.



ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. ભીખુભાઈ દેવાભાઈ આહીર
સ્વ. તા. ૧૩-૦૧-૨૦૨૬, મંગળવાર

આપની અણધારી ચિરવિદાય બાદ આપની પુણ્યસ્મૃતિ તથા આપનો સદા હસતો ચહેરો અમને હરપળે યાદ આવે છે. આપ તો જીવીને સર્વેની ચાહના મેળવી ગયા, આપ ચિરંજીવ હતા અને રહેશો. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

લિ.
હસમુખભાઈ રવજીભાઈ આહીર | સુખીબેન હસમુખભાઈ આહીર
નિલેશ હસમુખભાઈ આહીર (USA) | નીતાબેન નિલેશભાઈ આહીર (USA)
વિકાસ હસમુખભાઈ આહીર (USA) | પુર્વીબેન વિકાસભાઈ આહીર (USA)
તથા સમસ્ત પરિવાર
''ગણેશ ભુવન'', ઈચ્છાનાથ મહાદેવ મંદિરની બાજુમાં, ઉમરા, સુરત.



સત્ કૈવલ સાહેબ

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. ડાહીબેન નાનુભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧/૧૨/૨૦૨૫

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા, એ માતાની મીઠી છાયા જગતમાં ક્યાંય ન મળે, હૈયું રડે, નયનો રડે ને રડી રહ્યા સંતાનો, એ આંસુડાને લુછનાર માયાળુ "માં" ક્યાં મળે, જેણે તડકો વેઠી શૂન્યમાંથી સર્જન કર્યું, તે "માં" ના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ.
ગં.સ્વ. હસુમતીબેન મહેન્દ્રભાઈ ઉમરીગર
હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર | જ્યોતિબેન હરીશભાઈ ઉમરીગર
શૈલેષભાઈ નાનુભાઈ ઉમરીગર | નયનાબેન શૈલેષભાઈ ઉમરીગર
મનહરભાઈ લાલુભાઈ ઉમરીગર | હર્ષનાબેન મનહરભાઈ ઉમરીગર
સિધ્ધાર્થ યોગેશભાઈ ઉમરીગર | કેનીબેન સિધ્ધાર્થભાઈ ઉમરીગર
કિશન યોગેશભાઈ ઉમરીગર | ટર્વીકલ કિશનભાઈ ઉમરીગર
ભૂમિબેન ગીરલકુમાર કાપડીયા | ગં.સ્વ. વૈશાલીબેન યોગેશભાઈ ઉમરીગર
ઈશાબેન મિહિરભાઈ ઉમરીગર | નેહા અંકિતભાઈ ઉમરીગર
અક્ષય હરીશભાઈ ઉમરીગર | ખુશી અક્ષય ઉમરીગર
જય શૈલેષભાઈ ઉમરીગર
તથા સમસ્ત જીવાભાઈ પરિવાર (જીવાભાઈ એસ્ટેટ-ઉમરા)



ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬

આપણી મંડળીના માજી ડિરેક્ટર તથા ગુજરાત રાજ્ય કક્ષાની તેમજ જીલ્લા, તાલુકા, ગ્રામ્યની સહકારી સંસ્થાઓમાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ડિરેક્ટર તરીકે સંનિષ્ઠ, નિષ્ઠાવાન, ઉમદા સેવાભાવી સહકારી કાર્યકર તરીકે સેવા આપી હતી. જેઓએ શૈક્ષણિક તેમજ સામાજીક ક્ષેત્રે પણ સેવા આપી હતી તેમના અવસાનથી તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

લિ.
શ્રી રાજેન્દ્રભાઈ આર. દેસાઈ(પ્રમુખશ્રી)
શ્રી નરેન્દ્રભાઈ ટી. દેસાઈ(ઉપપ્રમુખશ્રી)
શ્રી રમેશભાઈ બી. પટેલ(ડિરેક્ટર) | શ્રી મનહરભાઈ એલ. પટેલ(ડિરેક્ટર)
શ્રી જીગરભાઈ એ. પટેલ(ડિરેક્ટર) | શ્રી અંકુરભાઈ કે. પટેલ(ડિરેક્ટર)
શ્રી દિપકભાઈ એન. પટેલ(ડિરેક્ટર) | શ્રી ચિરાગભાઈ એમ. પટેલ(ડિરેક્ટર)
શ્રી કાનજીભાઈ એન. પટેલ(ડિરેક્ટર) | શ્રી રમેશભાઈ એમ. પટેલ(ડિરેક્ટર)
શ્રી ભરતભાઈ આઈ. પટેલ(ડિરેક્ટર) | શ્રી જતીનભાઈ એ. પટેલ(ડિરેક્ટર)
શ્રી અમીતભાઈ એમ. પટેલ(ડિરેક્ટર) | શ્રી નિખીલભાઈ ડી. પટેલ(ડિરેક્ટર)
શ્રીમતી શ્વેતાબેન એન. દેસાઈ(ડિરેક્ટર) | શ્રી હર્ષદભાઈ એન. પટેલ(ડિરેક્ટર)
શ્રીમતી રીટાબેન એલ. પટેલ(ડિરેક્ટર)
શ્રી હસમુખભાઈ કે. પટેલ(મેનેજર) તથા કર્મચારી ગણ
ધી અમરોલી વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.



સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

નથી હયાત તમે પણ સાથે હોવ એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ થયા કરે છે.
"તમો એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા,
જીંદગી હતી ટૂંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા.
સ્તબ્ધ થઈ જીંદગી અમારી તમારા વગર,"
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

સ્વ. કેતનભાઈ બાલુભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૧/૨૦૧૯

લિ. સ્વ. બાલુભાઈ હાંસજીભાઈ પટેલ (પિતા)
પંકજભાઈ બાલુભાઈ પટેલ (ભાઈ)
સુશીલભાઈ બાલુભાઈ પટેલ (ભાઈ)
વિશાલભાઈ બાલુભાઈ પટેલ (ભાઈ)
ગં.સ્વ. સાધનાબેન કેતનભાઈ પટેલ (પત્ની)
દ્રષ્ટિ, યુવિકા, જય, પરી, વિવાન્સ તથા સમસ્ત પરિવાર
સ્થળ : નવદુર્ગા સ્ટ્રીટ, આભવા, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥

સિદ્ધાંત જેનું જીવન હતું, સંસ્કાર જેનું સિંચન હતું, પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી એવા પૂણ્ય આત્માને સદાય અમારા કોટિ કોટિ વંદન.

લિ. ગં.સ્વ. ચંચળબેન રણછોડભાઈ પટેલ
ધર્મેશ રણછોડભાઈ પટેલ | મનીષા ધર્મેશ પટેલ
ચંદ્રેશ રણછોડભાઈ પટેલ | સંગીતા ચંદ્રેશ પટેલ
કરીના, ક્રિષ્ના, ફેનિલ, જૈવિન
તથા સમસ્ત ઈચ્છુભાઈ મકનજીભાઈ પરિવારના જયશ્રીકૃષ્ણ

સ્વ. રણછોડભાઈ ઈચ્છુભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૧/૨૦૧૯
મુ.પો. માસમા, તા. ઓલપાડ, જી. સુરત.



શ્રદ્ધાંજલિ

પરિવાર જેનું મંદિર હતુ
સ્નેહ જેની શક્તિ હતી
પરિશ્રમ જેનુ કર્તવ્ય હતુ
પરમાર્થ જેની ભક્તિ હતી
આવા આત્માને ઇશ્વર શાંતિ પ્રદાન કરે.
દિવંગત આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬

લિ.
વનરાજસિંહ કરણસિંહ મહિડા | ભારતીબેન વનરાજસિંહ મહિડા
સિદ્ધાર્થસિંહ વનરાજસિંહ મહિડા | ઉર્વશીબેન સિદ્ધાર્થસિંહ મહિડા



:: બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ::

સ્નેહનો પર્યાય, વાત્સલ્યનો વ્હેણ, પ્રેમનું પ્રતિક, લાગણીનું મહાસાગર, જેમની યાદ માત્રથી હૃદય પ્રેમથી છલકાય ઉઠે છે, આજે પરિવારના સૌના હૈયે અને હોઠે છે એક જ પ્રાર્થના, "જીવંત રહો અમારા હૃદયમાં, સદા ધબકતા રહો અમારી ચેતનામાં અને પ્રેરણામાં"
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ. માનસી અંકુર ચાહવાલા
સ્વ. તા. 21-01-2024

લિ.
અંકુર ધીરજલાલ ચાહવાલા
માનવ અંકુર ચાહવાલા
ધીરજલાલ ચંપકલાલ ચાહવાલા
મધુકાન્તાબેન ધીરજલાલ ચાહવાલા
તથા સમગ્ર ચાહવાલા પરિવાર...